ગાંધીનગરની પાણી પુરવઠા બોર્ડની કચેરીમાં મુખ્યમંત્રીની ઓચિંતી મુલાકાત

ફરજમાં ચૂક મળશે તો કર્મચારીએ ઘરે બેસવાની તૈયારી રાખવી પડશે

ગાંધીનગર : સીએમ ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સરકારના વિભાગો અને જિલ્લા કચેરીઓની કામગીરી તથા અરજદારો સાથે સંવેદનાપૂર્ણ વ્યવહાર માટે સતત મોનિટરિંગ કચેરીઓની પ્રત્યક્ષ અને ઓચિંતી મુલાકાત દ્વારા કરતા રહે છે. આ સંદર્ભમાં કોઈપણ આગોતરી જાણ કર્યા વિના જિલ્લા કચેરીઓની ઓચિંતી મુલાકાતનો ઉપક્રમ તેમણે અપનાવ્યો છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે આ ઉપક્રમમાં આજે ગાંધીનગરમાં સહયોગ સંકુલમાં કાર્યરત ગુજરાત પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડના જાહેર આરોગ્ય બાંધકામ વિભાગના કાર્યપાલક ઈજનેરની કચેરીની મુલાકાતે ઓચિંતા જ પહોંચ્યા હતા. સહયોગ સંકુલના બી-બ્લોકમાં આવેલી આ કચેરી સાથે જ કાર્યરત વાસ્મોની જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ કચેરીની કામગીરીની વિગતો પણ મુખ્યમંત્રીએ આ ઓચિંતી મુલાકાત દરમિયાન મેળવી હતી.

તેમણે હેલ્પલાઈન પર મળતી ઓનલાઈન ફરિયાદો અને તેના નિવારણ માટે કરવામાં આવતી કાર્યવાહીની જાણકારી પણ અધિકારીઓને પુછપરછ કરીને મેળવી હતી. તેમજ ગ્રામીણ સ્તરની પાણી સમિતિઓની રજૂઆતો હલ કરવા માટે થતી કામગીરીની પણ સમીક્ષા કરી હતી અને અધિકારીઓને જરૂરી સુચનો કર્યા હતા. સીએમ ભૂપેન્દ્ર પટેલે આ અગાઉ ખેડા જિલ્લામાં તેમના પ્રવાસ દરમિયાન ત્યાંની કચેરીઓ તથા ગાંધીનગરના જુના સચિવાલય સંકુલમાં આવેલી કચેરીઓની સરપ્રાઈઝ વિઝીટ પણ કરેલી છે.

મુખ્યમંત્રીની આ ઓચિંતી મુલાકાતથી સહયોગ સંકુલમાં આવેલી કચરીઓના અધિકારી-કર્મચારીઓએ પોતાની ફરજ પ્રત્યે જાગૃત થઈ ગયેલા જોવા મળ્યા હતા. એટલું જ નહીં કોઈ પણ જાતની લાલિયાવાડી ચાલશે નહીં, જો ફરજમાં કોઈ ચૂક થઈ તો , અધિકારીને ઘરે બેસાડી દેવા પણ મુખ્યમંત્રી હવે ખચકાય તેમ નથી.

ગંભીરા બ્રીજ તૂટી પડવાની ઘટના બાદ સીએમ ભૂપેન્દ્ર પટેલ આકરા પાણીએ આવી ગયા હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં રાજકોટ જિલ્લામાં એક ખેડૂતો પેતાના ખેતરમાં જવા આવવા માટે માફિયાઓ પરેશાન કરતાં હોવાની ફરિયાદ કરતાં મુખ્યમંત્રીએ જિલ્લા પોલીસ વડા સાથે ફોન પર સૂચનાઓ આપી હતી.

જી.ટી.યુ. અને સેટ દ્વારા લેબ્સ કાર્યશાળાનુ આયોજન- 81 વિદ્યાર્થીએ આ વર્કશોપમાં સક્રિયપણે ભાગ લીધો

અમદાવાદ, તા.31: ગુજરાત ટેકનોલોજીકલયુનિવર્સિટી અને સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (GTU-SET) યુનિવર્સિટી કેમ્પસ ખાતે "વર્ચ્યુઅલ લેબ્સ" પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓને વર્ચ્યુઅલ લેબ્સના ખ્યાલ અને વ્યવહારુ ઉપયોગથી પરિચિત કરાવવાનો હતો, જે સિમ્યુલેશન-આધારિત સાધનોનો ઉપયોગ કરીને દૂરસ્થ રીતે પ્રયોગો કરવા માટે એક પ્લેટફોર્મ પ્રદાન કરે છે. વર્ચ્યુઅલ લેબ્સના સ્થાપત્ય, ડિપ્લોયમેન્ટ અને શૈક્ષણિક ઉપયોગિતા પર મૂલ્યવાન આંતરદ્રષ્ટિ શેર કરી હતી. લાઈવ ડેમોસ્ટ્રેશનઅને વ્યવહારુ સત્રો દ્વારા, સહભાગીઓને શિક્ષણ અને શીખવાની પ્રક્રિયાઓમાં પ્લેટફોર્મનો અસરકારક રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

B.E. કોમ્પ્યુટર એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગના કુલ 81 વિદ્યાર્થીઓએ આ વર્કશોપમાં સક્રિયપણે ભાગ લીધો હતો. GTU-SETના ફેકલ્ટી મેમ્બર્સ પણ હાજર રહ્યા હતા, અને સત્ર દરમિયાન સક્રિય રીતે ચર્ચાઓમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ પ્રશ્નોત્તરી સત્ર સાથે સમાપ્ત થયો હતો. જ્યાં સહભાગીઓએ વૈચારિક સમજણ અને વ્યવહારુ એક્સપોઝરને વધારવામાં વર્ચ્યુઅલ લેબ્સની સુસંગતતા અને સંભાવનાની પ્રશંસા કરી. GTU અને SET દ્વારા આઈ.આઈ.ટી.દિલ્હીની ટીમનો તેમના નિષ્ણાત યોગદાન બદલ નિષ્ઠાપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો અને ટેકનોલોજી-સક્ષમ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સતત સહયોગની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

માલેગામ બ્લાસ્ટ કેસ હિન્દુઓને આતંકવાદી સાબિત કરવા માટે ઉપજાવી કાઢવામાં આવ્યો હતો

ઈસ્લામમાં જેમ આતંકવાદને જિહાદનું નામ આપીને ધાર્મિક માન્યતા આપવામાં આવી છે, તેવી કોઈ માન્યતા હિન્દુ સંસ્કૃતિમાં નથી, કારણ કે હિન્દુ પ્રજા મૂળભૂત રીતે શાંતિપ્રિય પ્રજા છે. કોંગ્રેસના રાજમાં કેટલાક હિન્દુ સંગઠનોને આતંકવાદી જાહેર કરવા દ્વારા હિન્દુ આતંકવાદની કથા ઉપજાવી કાઢવામાં આવી હતી. ૨૦૦૦ના દાયકામાં માલેગામ બોમ્બ બ્લાસ્ટ અને સમજૌતા એક્સપ્રેસ બોમ્બ બ્લાસ્ટ જેવી કેટલીક ઘટનાઓ બની હતી, જેમાં મુસ્લિમ કોમને ટાર્ગેટ બનાવવામાં આવી હતી. સ્વાભાવિક રીતે આ કેસોમાં શંકાની સોય કેટલાક હિન્દુત્વવાદી સંગઠનો તરફ તાકવામાં આવી હતી, જેઓ યુવાનોમાં સ્વદેશાભિમાન જાગ્રત કરવાનું કામ કરતા હતા. માલેગામ બ્લાસ્ટ કેસમાં તો પ્રખર હિન્દુત્વ માટે જાણીતાં સાધ્વી પ્રજ્ઞા ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ શ્રીકાંત પુરોહિતને મુખ્ય આરોપી બનાવીને વર્ષો સુધી જેલમાં રાખવામાં આવ્યાં હતાં. હવે ૧૭ વર્ષ પછી માલેગામ બ્લાસ્ટ કેસનો ચુકાદો આવ્યો છે, જેમાં તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. આ ચુકાદાથી પુરવાર થઈ ગયું છે કે હિન્દુ આતંકવાદ માત્ર કપોળકલ્પના છે.

મહારાષ્ટ્રના માલેગાંવમાં ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ ના રોજ એક મસ્જિદ પાસે પાર્ક કરેલી મોટરસાઇકલોમાં રાખેલા વિસ્ફોટકોમાં ધડાકો થયો હતો, જેમાં છ લોકો માર્યા ગયા હતા અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ કેસમાં ભાજપનાં નેતા સાધ્વી પ્રજ્ઞા સૌથી વધુ ચર્ચિત આરોપી હતાં. સાધ્વી પ્રજ્ઞાને જેલમાં પૂર્યાં પછી ભાજપે તેમને ટિકિટ આપી હતી અને તેઓ ભોપાલથી લોકસભાની ચૂંટણી જીતી પણ ગયાં હતાં. આ કેસમાં લેફ્ટનન્ટ કર્નલ શ્રીકાંત પુરોહિત, મેજર રમેશ ઉપાધ્યાય (નિવૃત્ત), અજય રાહિરકર, સુધાકર દ્વિવેદી, સુધાકર ચતુર્વેદી અને સમીર કુલકર્ણી વિરુદ્ધ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) અને ભારતીય દંડ સંહિતા (IPC) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. શરૂઆતમાં આ કેસની તપાસ મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS) દ્વારા કરવામાં આવી રહી હતી, પરંતુ ૨૦૧૧ માં તેની તપાસની જવાબદારી રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ને સોંપવામાં આવી હતી. ફરિયાદ પક્ષે ૩૨૩ સાક્ષીઓની પૂછપરછ કરી હતી, જેમાંથી ૩૭ સાક્ષીઓ નિવેદન આપીને ફરી ગયા હતા.

મહારાષ્ટ્રના માલેગાંવમાં અંજુમન ચોક અને ભિક્કુ ચોક વચ્ચે શકીલ ગુડ્સ ટ્રાન્સપોર્ટની સામે ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ રાત્રે ૯:૩૫ વાગ્યે એક બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં છ લોકો માર્યા ગયા હતા અને ૧૦૧ લોકો ઘાયલ થયા હતા. આ વિસ્ફોટમાં એક મોટરસાઇકલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. NIAના રિપોર્ટ મુજબ આ મોટરસાઇકલ પ્રજ્ઞા ઠાકુરના નામે હતી.

મહારાષ્ટ્ર એટીએસે હેમંત કરકરેના નેતૃત્વમાં તેની તપાસ કરી અને તે નિષ્કર્ષ પર પહોંચ્યા કે તે મોટરસાઇકલના તાર ગુજરાતના સુરત શહેર અને અંતે પ્રજ્ઞા ઠાકુર સાથે જોડાયેલા હતા. પ્રજ્ઞા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની સભ્ય રહી ચૂકી છે. પોલીસે પુણે, નાસિક, ભોપાલ અને ઇન્દોરમાં તપાસ હાથ ધરી હતી. એક સૈન્ય અધિકારી કર્નલ પ્રસાદ પુરોહિત અને નિવૃત્ત મેજર રમેશ ઉપાધ્યાયની પણ ધરપકડ કરવામાં આવી હતી. આમાં હિન્દુ સંગઠન અભિનવ ભારતનું નામ સામે આવ્યું અને તેની સાથે સુધાકર દ્વિવેદી ઉર્ફે દયાનંદ પાંડેનું નામ પણ સામે આવ્યું હતું.

એટીએસની ચાર્જશીટ મુજબ પ્રજ્ઞા ઠાકુર સામે સૌથી મોટો પુરાવો એ હતો કે મોટરસાઇકલ તેમના નામે હતી. આ પછી પ્રજ્ઞાની ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર મહારાષ્ટ્ર સંગઠિત

ટુ ધ પોઈન્ટ
સમકિત શાહ

ગુના નિયંત્રણ અધિનિયમ (MCOCA) લાદવામાં આવ્યો હતો. તપાસકર્તાઓને મેજર રમેશ ઉપાધ્યાય અને લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત વચ્ચેની વાતચીત મળી જેમાં માલેગાંવ બ્લાસ્ટ કેસમાં પ્રજ્ઞા ઠાકુરની ભૂમિકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બાદમાં તપાસ ATS પાસેથી NIAને સોંપવામાં આવી હતી. NIA ચાર્જશીટમાં તેમનું નામ પણ સામેલ કરવામાં આવ્યું હતું. માલેગાંવ વિસ્ફોટની તપાસમાં સૌ પ્રથમ ૨૦૦૯ અને ૨૦૧૧ માં મહારાષ્ટ્ર ATS એ સ્પેશિયલ MCOCA કોર્ટમાં દાખલ કરેલી ચાર્જશીટમાં ૧૪ આરોપીઓનાં નામ નોંધ્યા હતાં, જ્યારે NIA એ મે ૨૦૧૬માં તેનો અંતિમ અહેવાલ રજૂ કર્યો ત્યારે તેમાં ૧૦ આરોપીઓનાં નામ હતાં. આ ચાર્જશીટમાં પ્રજ્ઞા સિંહને નિર્દોષ જાહેર કરવામાં આવ્યાં હતાં. સાધ્વી પ્રજ્ઞા પર લાદવામાં આવેલ MCOCA દૂર કરવામાં આવ્યો હતો અને એવું કહેવામાં આવ્યું હતું કે પ્રજ્ઞા ઠાકુર પર કરકરેની તપાસ અસંગત હતી. એવું લખવામાં આવ્યું હતું કે ચાર્જશીટમાં ઉલ્લેખિત મોટરસાયકલ પ્રજ્ઞાના નામે હતી, પરંતુ માલેગાંવ વિસ્ફોટના બે વર્ષ પહેલાથી કાલસાંગરા તેનો ઉપયોગ કરી રહ્યા હતા.

પ્રજ્ઞા ઠાકુરને જામીન મળ્યા પણ તેમની સામેનો કેસ ચાલુ રહ્યો હતો. બાદમાં તેમણે ૨૦૧૯માં ભોપાલથી લોકસભાની ચૂંટણી લડી હતી અને જીતી હતી. ભોપાલથી ચૂંટણી લડતી વખતે સાધ્વી પ્રજ્ઞા ઠાકુરે માલેગાંવ વિસ્ફોટોમાં તેમના પર લાગેલા આરોપો પર સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે તેમણે કોઈ ખોટું કામ કર્યું નથી.

ભાજપે આ બેઠક પરથી પ્રજ્ઞા ઠાકુરને પોતાનાં ઉમેદવાર બનાવ્યાં તે વખતે કોંગ્રેસે આ બેઠક પરથી પોતાના દિગ્ગજ નેતા દિગ્વિજય સિંહને મેદાનમાં ઊતાર્યા હતા. આ ચૂંટણી પહેલા કોંગ્રેસે મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણી જીતી હતી.

મહારાષ્ટ્ર ATS એ શરૂઆતમાં આ કેસની તપાસ કરી હતી. ATS ની તપાસમાં જાણવા મળ્યું કે સાધ્વી પ્રજ્ઞાની LML ફ્રીડમ બાઇકનો ઉપયોગ વિસ્ફોટકો વહન કરવા માટે કરવામાં આવ્યો હતો. લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત પર અભિનવ ભારત નામના જમણેરી જૂથ દ્વારા RDX નું આયોજન અને પ્રાપ્ત કરવાનો આરોપ હતો. જ્યારે NIA એ કેસની તપાસ સંભાળી ત્યારે ઘણા આરોપો પાછા ખેંચી લેવામાં આવ્યા. NIA ના મતે ATS તપાસમાં ઘણી ખામીઓ મળી આવી હતી પરંતુ UAPA કલમો યથાવત્ રાખવામાં આવી હતી. માલેગામ બ્લાસ્ટ કેસનો ચુકાદો સંભળાવતી વખતે NIAની ખાસ કોર્ટના ન્યાયાધીશે નીચે મુજબ મુદ્દાઓને રેખાંકિત કર્યા હતા :

(૧) સરકારી પક્ષ સાબિત કરી શક્યો કે બોમ્બ ફૂટ્યો હતો, પરંતુ તે સાબિત કરી શક્યો નહીં કે બોમ્બ મોટરસાઇકલમાં લગાવવામાં આવ્યો હતો.

(૨) એવો દાવો કરવામાં આવ્યો હતો કે લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત કાશ્મીરથી RDX લાવ્યા હતા, પરંતુ કોઈ નક્કર પુરાવા મળ્યા ન હતા. એ પણ સાબિત થઈ શક્યું ન હતું કે પુરોહિતે પોતાના ઘરે બોમ્બ તૈયાર કર્યો હતો.

(૩) રમઝાનને કારણે તે સમયે આ વિસ્તાર બંધ હતો અને મોટરસાઇકલ ત્યાં કેવી રીતે પહોંચી તે સ્પષ્ટ નહોતું.

(૪) એવું કહેવામાં આવ્યું હતું કે કાવતરું ઘડવા માટે ઇન્દોર, ઉજ્જૈન અને નાસિક જેવા સ્થળોએ બેઠકો યોજાઈ હતી, પરંતુ આવી બેઠકોના કોઈ વિશ્વસનીય પુરાવા કોર્ટમાં રજૂ કરી શકાયા નથી.

(૫) કોર્ટે એ પણ શોધી કાઢ્યું કે તપાસ અધિકારીઓએ ફોન રેકોર્ડની તપાસ કરવાની પરવાનગી લીધી ન હતી.

(૬) અભિનવ ભારત કેસમાં પુરોહિત, રાહિરકર અને ઉપાધ્યાય વચ્ચે નાણાંકીય વ્યવહારોના કેટલાક પુરાવા મળ્યા હતા, પરંતુ તે સાબિત થઈ શક્યું ન હતું કે આ નાણાંનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓમાં થયો હતો.

(૭) ફરિયાદ પક્ષ પોતાના આરોપોને સાબિત કરવા માટે વિશ્વસનીય અને નક્કર પુરાવા રજૂ કરી શક્યો નહીં.

(૮) બધા પુરાવાઓને ધ્યાનમાં લેતાં કોર્ટે ઠરાવ્યું કે આરોપીને દોષિત ઠેરવવા માટે પૂરતા કાનૂની આધારો નથી.

(૯) તે એક ગંભીર ગુનો હતો, પરંતુ કોર્ટને ચુકાદો આપવા માટે નક્કર અને નિર્વિવાદ પુરાવાની જરૂર છે. શંકાનો લાભ આપીને બધા આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ કેસનાં મુખ્ય આરોપી પ્રજ્ઞા ઠાકુરને જામીન મળ્યા હતાં પણ તેમની સામેનો કેસ ચાલુ રહ્યો હતો. બાદમાં તેમણે ૨૦૧૯માં ભોપાલથી લોકસભાની ચૂંટણી લડી હતી અને જીતી હતી

ગુજરાત સરકાર રચિત UCC કમિટીને હાઈ કોર્ટની લીલી ઝંડી

સુરતના અરજદારની અરજી ફગાવી

અમદાવાદ,તા.31: યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) કમિટીમાં લઘુમતિ સમુદાયનો સભ્ય નહીં હોવાથી આ કમિટીની પુનઃરચના કરવી જોઈએ, તેવી દાદ માંગતી સુરતના અરજદાર અબ્દુલ વહાબ મોહમ્મદ શબીર સોપારીવાલા દ્વારા કરવામાં આવેલી રીટ અરજી ગુજરાત હાઈકોર્ટ આજે ફગાવી દીધી છે.

સુરતની એક અરજદારે દાવો કર્યો હતો કે યુસીસી કમિટીમાં લઘુમતી સમુદાયો અને નિષ્ણાતોનો પૂરતો સમાવેશ કરવામાં આવ્યો નથી. તેમણે કમિટીની રચનાને ગેરકાયદે ગણાવી હતી.એડવોકેટ ઝમીર શેખ દ્વારા એવી દલીલ કરાઈ હતી , કે 4 ફેબ્રુઆરી, 2025ના રોજ રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડને લાગુ કરવા શક્યતાઓ તપાસવા માટે એક કમિટીની જાહેરાત કરી હતી. જે ગુજરાતમાં યુસીસીને લગતો ડ્રાફ્ટ તૈયાર કરશે.જો કે આ કમિટીમાં કોઈ લઘુમતિ સમુદાયનો સભ્ય નહીં હોવાથી આ કમિટીની પુનઃરચના કરવી જોઈએ. જસ્ટીસ નિરલ મહેતાએ આખરી આદેશમાં નિરીક્ષણ કર્યુ હતું કે એકવાર સમિતિની રચના ભારતના બંધારણની કલમ 162 હેઠળ સંપૂર્ણ રીતે એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા થઈ જાય, તો તેનાથી વિપરીત કોઈપણ કાયદાકીય જોગવાઈઓની ગેરહાજરીમાં, સમિતિની રચના માટે ચોક્કસ સભ્યોની પસંદગી રાજ્ય સરકારના સંપૂર્ણ અધિકાર ક્ષેત્રમાં રહેશે.અને તેથી તે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી સમિતિના સભ્યોની પસંદગી કરવા માટે સંપૂર્ણપણે વાજબી છે અને જેના માટે, આ કોર્ટને દરમયાનગીરી કરવું યોગ્ય લાગતુ નથી.

સુરતમાં નિર્માણાધીન ડ્રીમ સિટીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સહિતના માસ્ટર પ્લાન વિશે પણ વિસ્તૃત ચર્ચા

મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટમાં ખેડૂતોને જમીન સંપાદનનું વળતર ઓગસ્ટમાં ચૂકવી દેવાશે

રાજ્ય સરકારના 7 વિભાગના રૂ.1. લાખ 74 હજાર કરોડથી વધુના વિકાસલક્ષી 32 જેટલા હાઈ પ્રાયોરિટી પ્રોજેક્ટ્સને તાકીદે પૂર્ણ કરવા સીએમ ભૂપેન્દ્ર પટેલે સર્વગ્રાહી સમીક્ષા કરી

ગાંધીનગરઃ રાજ્યના હાઈ ઈમ્પેક્ટ પ્રોજેક્ટની સમીક્ષા બેઠકના ત્રીજા ઉપક્રમમાં રાજ્ય સરકારના વિવિધ 7 વિભાગના કુલ 1 લાખ 74 હજાર કરોડના 32 પ્રોજેક્ટ્સનો અમલ ઝડપથી કરવા માટે આજે સીએમ ભૂપેન્દ્ર પટેલે આ સંબંધિત વિભાગોના વડાઓને તાકીદ કરી હતી.

મુખ્યમંત્રીએ સમીક્ષા દરમિયાન જણાવ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતનું જે વિઝન આપ્યું છે તેને અનુરૂપ વિકસિત ગુજરાતના નિર્માણ માટે આ બધા જ વિકાસલક્ષી પ્રોજેક્ટ ઈન્ટીગ્રેટેડ એન્ડ હોલિસ્ટિક ડેવલપમેન્ટના દિશાસૂચક છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, પ્રોજેક્ટ નિશ્ચિત સમય મર્યાદામાં અને ગુણવત્તાયુક્ત કામો સાથે પૂરાં થાય એટલું જ નહિં, પ્રોજેક્ટમાં થતા વિલંબથી નાણાંકીય ભારણ વધે નહીં તે પણ સુનિશ્ચિત થાય તે જરૂરી છે. મુખ્યમંત્રીએ મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટમાં જમીન સંપાદનનું વળતર ખેડૂતોને ચૂકવવાની કામગીરી ઓગસ્ટ-2025 સુધીમાં પૂર્ણ કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા હતા.

કચ્છના ખાવડામાં આકાર લઈ રહેલા 30 ગીગાવોટના હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્કની 64 ટકા કામગીરી પૂર્ણ થઈ છે અને 6862 મેગાવૉટના રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ કાર્યરત થયા છે. એટલું જ નહિ, ડિસેમ્બર-2026 સુધીમાં RE પાર્ક પૂર્ણ કરવાના આયોજન સાથે આગળ વધવાની ઊર્જા વિભાગની કામગીરીની સમીક્ષા પણ મુખ્યમંત્રીએ કરી હતી.

લોથલમાં કેન્દ્ર સરકાર દ્વારા નિર્માણાધીન નેશનલ મેરિટમ હેરિટેજ કોમ્પ્લેક્સની પ્રગતિ સંદર્ભમાં આ સમીક્ષા બેઠકમાં બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, રાજ્ય સરકારે 400 એકર જમીન ફાળવણી, પાણી પુરવઠાની પાઈપલાઈન, વીજ પુરવઠાની ટ્રાન્સમિશન લાઈન અને સરગવાડાથી પ્રોજેક્ટ સાઈટ સુધીનો રસ્તો ચાર-માર્ગીય કરવાની કાર્યવાહી પૂર્ણ કરી છે. આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બસ મથક, પોલીસ સ્ટેશન, સ્ટેટ પેવેલિયનની કામગીરી પ્રગતિમાં છે તથા ટુરિઝમ સરકીટનું આયોજન પ્રારંભિક તબક્કે છે તેની વિગતો આપવામાં આવી હતી.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઈઝ 1 થી 6 અન્વયે વાસણા બેરેજથી લઈને ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન સુધીની તબક્કાવાર હાથ ધરાનારી કામગીરીની વિગતો સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધ્યક્ષ આઈ.પી. ગૌતમે આપી હતી. સુરતમાં નિર્માણ થઈ રહેલા ડ્રીમ સિટીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સહિતનો જે માસ્ટર પ્લાન રાજ્ય સરકારમાં સબમિટ કરવામાં આવ્યો છે, તે સંદર્ભમાં આ બેઠકમાં ચર્ચા-પરામર્શ કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં શ્રમ અને રોજગાર વિભાગના પ્રોજેક્ટની સમીક્ષા દરમિયાન કૌશલ્ય-ધ સ્કિલ યુનિવર્સિટીના બાંધકામ અને તેને સંલગ્ન બાબતોની સમીક્ષા કરીને મુખ્યમંત્રીએ સમગ્ર કામગીરી ત્વરાએ પૂર્ણ કરી દેવા સૂચન કર્યું હતું. સીએમ ભૂપેન્દ્ર પટેલે બધા જ હાઈ પ્રાયોરિટી પ્રોજેક્ટ્સમાં ક્વોલિટી એસ્યોરન્સને તથા ટાઈમલાઈનને અગ્રતા આપવાની સંબંધિત સચિવોને જરૂરી સૂચનાઓ આપી હતી.

શ્રાવણ શુક્લ સપ્તમીએ આદિ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને પીળા પુષ્પોથી અલંકૃત કરાયા

ગાંધીનગર, તા. 31: શ્રાવણ શુક્લ સપ્તમીના પાવન અવસરે આદિ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને પીળા પુષ્પોથી અલંકૃત કરાવામા આવ્યા હતા. જાણે મહાદેવ પોતે જ કુદરતના ઉજાસના મધુર રંગોથી ભક્તોને આનંદ સ્વરૂપ દર્શન આપી રહ્યા છે.

આજે વિશેષ શૃંગારમાં પીળા પુષ્પો જ કેમ? કારણ કે પીળો રંગ પ્રકાશનું પ્રતિક છે. પીળો રંગ એ સૂર્યનો, જ્ઞાનનો, વિવેકનો અને આધ્યાત્મિક ઉન્નતિનો પ્રતિક છે. શિવ ભક્તિ અંધકારનો અંત લાવે છે અને પીળો રંગ એ દિવ્ય પ્રકાશનું સંકેત છે જે આપણને અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ લઈ જાય છે. કેહવાય છે કે જે ભક્ત શ્રદ્ધાપૂર્વક મહાદેવને પુષ્પ અર્પિત કરે છે, તે મહાદેવ માટે કિંમતી રત્નોથી પણ ઊંચો ગણાય છે અને તેને અનેક રત્નોના દાન જેટલું પુણ્યફળ પ્રાપ્ત થાય છે. પીળા પુષ્પોથી શિવની પૂજા કરવાથી બુદ્ધિની શુદ્ધિ થાય છે અને દરેક પ્રકારના સંકટોનો નાશ થાય છે.

ધોરણ-12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનો ગુણ ચકાસણી રિપોર્ટ વેબસાઈટ પર જાહેર કરાયો

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-12 સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષાના પરિણામ બાદ ગુણ ચકાસણીનો રિપોર્ટ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવ્યો છે, ઉમેદવારોએ 10મી ઓગસ્ટ સુધી તે ડાઉનલોડ કરી લેવાનો રહેશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા વિભાગના નાયબ નિયામકના જણાવ્યા પ્રમાણે બોર્ડ દ્વારા જૂન- જુલાઈમાં લેવાયેલી ધોરણ-12 સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષાનું પરિણામ 17મી જુલાઈના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામ બાદ મળેલી ગુણ ચકાસણીની અરજીઓના અંતે આખરી સુધારા રિપોર્ટ બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન મૂકવામાં આવ્યો છે. અરજી કરનાર ઉમેદવારોએ પોતાનો ગુણ ચકાસણીનો રિપોર્ટ બોર્ડની વેબસાઈટ પરથી 10 ઓગસ્ટ 2025 સુધીમાં ડાઉનલોડ કરી લેવાનો રહેશે.

સુનયના તોમરને સામાન્ય વહીવટ વિભાગના વડાનો ચાર્જ અપાયો, 23 નાયબ સચિવ કક્ષાના અધિકારીઓની બઢતી

ગાંધીનગરઃ 1990ની બેચના આઈએએસ અને રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાણી આજે સાંજે સેવા નિવૃત્ત થતાં, સામાન્ય વહીવટ વિભાગના વડાનો ચાર્જ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમરને આપવામાં આવ્યો છે. જ્યારે વન અને પર્યાવરણ વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી સંજીવ કુમારને જીએસએફસીના એમડીનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે. આજે રાજ્ય સરકારે મહત્વના આદેશમાં 23 જેટલા નાયબ સચિવ કક્ષાના અધિકારીઓને બઢતી આપીને તેમને હાલની જગ્યાએ ચાલુ રાખ્યા છે.

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
કોમેડીનો મસ્ત ખજાનો....

સન ઓફ સરદાર પાર્ટ-2
અજય દેવગન, મૃણાલ ઠાકુર, ચંકીપાંડે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
જબરજસ્ત ફૂલ એક્શન (હિન્દી)



સામ્રાજ્ય (કિંગડમ)
વિજય દેવરા કોંડા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફટ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 8238380822
Book Tickets Now from : bookmyshow.com paytm : @applecinemasurat
મસ્ત કોમેડીનો ખજાનો | બે દિલોની દિલચશ્મ લવસ્ટોરી

સન ઓફ સરદાર-2
ગુજરાતી ફેમિલી ફિલ્મ મહારાણી
ગુજરાતી ફેમિલી ફિલ્મ વિશ્વગુરુ
ગુજરાતી ફેમિલી ફિલ્મ સંઘવી એન્ડ સન્સ
ધડક-2
સામ્રાજ્ય (કિંગડમ)
સૈયારા અહાન પાંડે અનિતા પડ્ડા
મહાવતાર નરસિંહ
(હિન્દી) એક્શન
ધ ફેન્ટાસ્ટિક ફોર : ફર્સ્ટ સ્ટેપ્સ

RAJHANS
મસ્ત કોમેડીનો ખજાનો

ગોપીતળાવ નવસારી બજાર, સુરત
સન ઓફ સરદાર-2 ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૧૦.૦૦
ધડક-2 ૧૨.૩૦, ૬.૩૦
મહાવતાર નરસિંહ (હિન્દી) ૧૨.૦૦, રાત્રે ૯.૩૦
સૈયારા ૩.૦૦, રાત્રે ૯.૦૦
મહારાણી ગુજરાતી : ૩.૩૦
સામ્રાજ્ય (કિંગડમ) (હિન્દી) ૬.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

WORLD CLASS 6 SCREEN MULTIPLEX IN SURAT
RAJ IMPERIAL
DOLBY ATMOS
દીપકમલ મોલ, સરથાણા નેચર પાર્ક પાસે, વરાછા રોડ, સુરત. INOX
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777

કોમેડીનો મસ્ત ખજાનો
સન ઓફ સરદાર-2
અજય દેવગન, મૃણાલ ઠાકુર, ચંકીપાંડે, રવિ કિશન, સંજય મિશ્રા, મુકુલ દેવ
ATMOS :
9.00 am, 10.05 am, 12.00 pm, 1.10 pm, 3.05 pm, 6.10 pm, 9.15 pm, 10.15 pm

સુપરડુપર હીટ ફિલ્મ (હિન્દી)
મહાવતાર નરસિંહ
ભગવાન વિષ્ણુના નરસિંહ અવતાર પર આધારિત ફિલ્મ, દરેક ફેમિલી સભ્યો અચુક આ ફિલ્મ જુઓ
(3D)હિન્દી : ATMOS : 10.10 am, 1.00 pm, 3.50 pm, 6.40 pm, 7.25 pm, 9.30 pm



સુપરહીટ લવસ્ટોરી
સૈયારા
અહાન પાંડે, અનિતા પડ્ડા
ATMOS : 4.15 pm
રેગ્યુલર :
9.05 am, 12.10 pm, 3.15 pm, 6.20 pm, 9.25 pm



બે દિલોની દિલચશ્મ લવસ્ટોરી
ધડક-2
સિદ્ધાંત ચતુર્વેદી, તૃપ્તિ ડિમરી
10.05 am, 1.00 pm, 3.55 pm, 6.50 pm, 9.45 pm

મહારાણી ગુજરાતી 3.25 pm, 9.00 pm | વિશ્વગુરુ ગુજરાતી 6.25 pm
ફેમિલી સાથે જુઓ
જુરાસિક વર્લ્ડ:રીબર્થ હિન્દી : 9.20 am
સંઘવી એન્ડ સન્સ ગુજરાતી ફેમિલી ફિલ્મ 12.10 pm